# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૭ તા.૨૨-૦૧-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય બાલિકા દિવસની સમગ્ર રાજ્યમાં એક સાથે રાજ્ય વ્યાપી ઉજવણી થાય તે માટે તા. ૨૪-૦૧-૨૦૨૪ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રાજ્ય કક્ષાએ ‘‘ તેજસ્વિની વિધાનસભા’’ અને જિલ્લા પંચાયત અને મહાનગર પાલિકા કક્ષાએ ‘‘ તેજસ્વિની પંચાયત’’ ની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રકારનો કાર્યક્રમ સૌપ્રથમ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને એશિયા બુક ઓફ રેકોર્ડમાં સમાવેશ થનાર છે.

તા. ૨૪-૦૧-૨૦૨૪ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે બાયસેગના માધ્યમથી સદર કાર્યક્રમનું જીવંત પ્રસારણ થનાર હોય રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીના ભાગરૂપે શાળાના તમામ વિદ્યાર્થીઓ ખાસ કરીને વિદ્યાર્થીનીઓ અને શિક્ષકો સદર કાર્યક્રમ શાળા કક્ષાએ નિહાળે તે માટે બાયસેગ પ્રસારણ નિહાળવા અંગેની પૂર્વ તૈયારી કરી પ્રસારણ નિહાળવા આથી જણાવવામાં આવે છે. વધુમાં સદર કાર્યક્રમનો ફોટોગ્રાફનો અહેવાલ ઝોન કચેરી મારફતે મુખ્ય ઓફિસે મોકલી આપવાના રહેશે.

તા.૨૨-૦૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી